**મોબાઇલ ચોરી આચરતા ઇસમોને શોધી કાઢતી અઠવાલાઇન્સ પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફની ટીમ**

ગઇ તા.૨૪/૬/૨૦૧૭ ના રોજ ખાનગી રાહે બાતમી હકીકતના આધારે આરોપી નં.(૧) જમીલ સફીભાઈ શા ઉ.વ.૩૨ રહે.બિલ્ડીંગ નં. બી-૮, રૂમ નં. ૯, પહેલા માળે મદીના બિલ્ડીંગની સામે કોસાડ આવાસ, અમરોલી, સુરત (૨) રઝાક સફીભાઈ શા ઉ.વ.૩૫ રહે.બિલ્ડીંગ નં. એ/૩, રૂમ નં.૧૩, નુરઈલાહી સકુન ચાર રસ્તા ગોરાટ રોડ, એસ.એમ.સી. કવાટર્સ ન્યુ રાદેર રોડ, સુરત નાઓને તા:૨૪/૦૬/૨૦૧૭ ના રોજ કલાક.૧૮/૩૦ વાગ્યે ગોપીપુરા પાણીની ભીંત પાસેથી પકડી પાડી તેઓ પાસેથી અલગ-અલગ કંપનીના કુલ્લે મોબાઇલ ફોન નંગ-૩૫ કિમત રૂપીયા ૧,૧૯,૬૦૦/- ના મોબાઈલ ફોન તથા ઓટોરીક્ષા નંબર GJ-05-TT-2980 કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ની મળી કુલ્લે કિંમત રૂપિયા ૧,૪૪,૬૦૦/- ની મત્તાનો મુદામાલ Cr.P.C. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરવામા આવેલ છે અને વધુ તપાસ ચાલુ છે.

ગુન્હાનો એમ.ઓ. આ કામના તહો.દારો પોતાની ઓટોરીક્ષામાં પેસેન્જર બેસાડી પેસેન્જર પાસેથી મોબાઈલ ફોન કાઢી લઈ પેસેન્જરને ઉતારી નાશી જઈ ગુન્હો કર્યો વિગેરે બાબત.